2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૧૨

વર્ષ-૫ • અંક-૦૧ • સળંગ અંક - ૧૪૯૨ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૬.૩૨.૨૩

સવંત - ૨૦૭૯

ચૈત્ર સુદ-૧૪, મંગળવાર

તા. ૦૪-૦૪-૨૦૨૩

સૂર્યાસ્ત - ૦૬.૫૧.૨૪

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે.

'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'

www.kutchipatrika.org



**પ્રાગપુર**ના તરલાબેન પ્રેમજી રામજી સંગોઈના જમાઈ **પ્રવિણ શાંતારામ કદમ** ઉ.વ. ૪૪, તા. ૨-૪-૨૦૨૩ના ટુંકી માંદગીથી અવસાન પામ્યા છે. મીનાક્ષીના પતિ. રાહુલ, હર્ષના પિતાશ્રી. થાણાના ઈન્દુબેન શાંતારામ કદમના પુત્ર. માતુશ્રી મઠાંબાઈ રામજી જીવરાજ સંગોઈના પૌત્રીવર. દેશલપુર (કંઠી)ના પાનબાઈ પદમશી હધુ દેઢીયાના દોહીત્રી વર. નરસીંગપુર (એમ.પી.)ના પદમાવતી નાગેશ જૈન, નાગલપુરના આશા મનીષ ગોગરી, સંસાર પક્ષે વિનમ્રવ્રતાશ્રીજીના બનેવી. ધવલ, ઈશાના માસા. જાદવજી, વિરચંદ, લાખાપુર રતનબેન વસનજી, ભોરારા સાકરબેન દેવજી, ગોધરા લીલાવંતી મહેન્દ્ર, ચનુડી કસ્તુરબેન રાઘવજીના ભત્રીજી વર. દેશલપુરના મગનલાલ, રમણીકલાલ, મણીલાલ, લક્ષ્મીચંદ, પ્રાગપુર દેવકાબેન હરશી, ડેપા ભાણબાઈ ખીશી, મણીબાઈ રામજીના ભાણેજી વર. થાણાના દિનેશ પરશુરામ સુર્વેના બનેવી તુલ્ય. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. પ્રેમજી રામજી સંગોઈ, એ/૧૦, બીહારજી ચેમ્બર્સ, ડો. આંબેડકર રોડ, થાણા (વેસ્ટ) ૪૦૦૬૦૧. ફો. પ્રેમજી-૯૩૨૬૧૧૪૫૦૭, મીનાક્ષી-૯૯૬૭૪૮૬૫૧૩, પદમા-૯૬૧૯૯૧૩૩૫૧, આશા-૮૧૬૯૦૦૨૫૪૬.

4/1/1 --------- (1-1)



**ભુજપુર**ના **ચેતન માલશી દેઢીયા** (ઉ.વ. ૫૨) તા. ૦૨-૦૪-૨૩ના હાર્ટ એટેકથી અવસાન પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન ધનજીના પૌત્ર. સ્વ. જવેરબેન માલશીના પુત્ર. ધર્મેન્દ્ર, સ્વ. હેમેન્દ્ર, કેતનના ભાઈ. ચંચળબેન મોણશી, ઈંદીરાબેન મદન, સ્વ. અરૂણા માણેક, ગીતાબેનના ભત્રીજા. રતાડીયા ગણેશના સ્વ. ચાંપઈબાઈ કેશવજી પુનશીના દોહીત્ર. સ્વ. લાલજી, ચંદનબેન વશનજી, હેમલતાબેન તલકશી, લાખાપરના સ્વ. મુરબાઈ ગાંગજી પંચાણ, પત્રીના સ્વ. રતનબાઈ શામજી જીવરાજના ભાણેજ. હેમાંગીના દીયર. કીંજલ, વિધિશાના કાકા. સ્વ. કુંવરબાઈ કાકુ લીલાધર, સ્વ. અરજણભાઈના ભત્રીજાપુત્ર. હીતેશ, કલ્પેન, નીખીલના કાકાઈ ભાઈ. વડાલાના રક્ષા જનક નવિન, કોટડા રોહાના રીના વિપુલ ખીમજી, નાની ખાખરના કીન્નરી કાર્તિક કાંતીલાલના કાકાઈ ભાઈ. દીપાલી, ભુમીકાના કાકાઈ જેઠ. રતાડીયા ગણેશના સંજય, ભાવીન, હીના, જસ્મીન, લીનાના ફુઈયાઈ ભાઈ. **પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદન, ચક્ષુદાન કરેલ છે.** ફોન આવકાર્ય. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. કેતન દેઢીયા, ફ્લેટ નં. ૩, ૧લે માળે, ભાનુસદન, R.R.T. રોડ, મુલુંડ (વે.), મું. ૮૦. ધર્મેન્દ્ર-૯૮૨૦૧૩૬૭૮૭, કેતન-૮૯૨૮૦૫૭૭૮૧.

4/1/1 --------- (1-2)



**પત્રી**ના **નીરા ધરોડ** ઉમર વર્ષ ૫૭, ૩૧-૦૩-૨૩ના રોજ ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. માતશ્રી સોનબાઈ શામજીના પૌત્રવધુ. લીલાવંતી રાઘવજીના પુત્રવધુ. મુકેશના ધર્મપત્ની. કુંદરોડીના મીના, જયેન્દ્ર, વર્ષા, શૈલેષ, અલ્પાના ભાભી. પવિત્રના જેઠાણી. વિરાજ, દર્શન, ભુમિના કાકી. સમાઘોઘાના અનિલ નાનજીના સાળાવેલી. પત્રીના હસ્તી ધવલ, જૈનમના મામી. લક્ષ્મીબેન મોરારજી, વાંકીના કેસરબેન નાનજી, શાંતાના ભત્રીજા વહુ. જેસીકા નવિન, કવિતા અશ્વિન, કલ્પના નયનના કાકાણ દેરાણી. ગુંદાલા નાનબાઈ પ્રેમજીના દોહીત્ર વહુ. હર્ષા દિનેશ, કક્ષા મહેન્દ્ર, બારોઈના હેમલતા કાંતીલાલ, સમાઘોઘાના ભાનુમતિ નાગજી, નવીનારના સરલા રમેશ, ફરાદીના મંજુલા નવિન, મોટા આસંબીયાના જયવંતી જયંતીલાલના ભાણેજ વહુ. બારડોલીના શાંતાબેન ચનાભાઈ રાઠોડની સુપુત્રી. રમીલા બાબુભાઈ, લીલા હસમુખભાઈ, સુમન અશોકભાઈની બેન. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. લીલાવંતીબેન રાઘવજી ધરોડ, ૬ શાંતિ એપાર્ટમેન્ટ, સરોજીની નાયડુ રોડ, તાંબેનગર, મુલુંડ (વે.), મુંબઈ-૮૦. મુકેશ-૯૧૩૭૮૪૩૧૩૩, લીલાવંતીબેન-૭૭૩૮૫૪૦૫૩૧.

4/1/1 --------- (1-3)



**નવીનાળ**ના **કસ્તુરબેન નેમજી વોરા** ઉ.વ. ૮૫, તા. ૧-૪-૨૩ના હાર્ટફેલથી અવસાન પામેલ છે. મઠાંબેન લખમશીના પુત્રવધુ. સ્વ. નેમજીના ધર્મપત્ની. ધીરેન, સ્વ. મનીષ,, મયુર, સ્વ. જનકના માતુશ્રી. નીતા, ક્રિષ્ણા, મીતા, કુંજનના સાસુ. અક્ષય, ડો. ઝુબીન, નેજલ, સેજલ, ધૈર્ય, ધ્વની, ક્રિષાના દાદી. પુનમ, ડો. શીવાંકી,રોહીત સીંગના દાદી સાસુ. પ્રથમ, અનાઈકા, પ્રીશાનના મોટા દાદી. સ્વ. આણંદજી (બાબુભાઈ)ના ભાઈના ઘરેથી. સ્વ. ભારતીબેનના દેરાણી. ના. ભાડીયાના રતનબેન જેઠાલાલના ભાભી. પ્રવિણ, સ્વ. હસમુખ, પત્રીના મંજુલા દિનકરના કાકી. બીદડાના ભાણબાઈ લીલાધર છેડાની સુપુત્રી. સ્વ. દામજી, સ્વ. લાલજી, સ્વ. રાઘવજી, સ્વ. નેમચંદ, મો. ખાખરના વિમળાબેન લક્ષ્મીચંદના બેન. સ્વ. ભાણબાઈ, સ્વ. લક્ષ્મીબેન, ઝવેરબેનના નણંદ. રાયણના કસ્તુરબેન ભવાનજી, દઘાલીયાના કપીલાબેન લક્ષ્મીકાંત, બેરાજાના પુષ્પાબેન પ્રાગજી, સમાઘોઘાના નયનાબેન પ્રભુલાલના વેવાણ. નલીયાના મંજુલાબેન લાલજીભાઈ, મોટેરાના ભગવતીબેન પ્રતાપભાઈ, યુ.પી.ના મનોરમા સંજયસીંગના મોટા વેવાણ. **ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી.** નિ. મયુર નેમજી વોરા, એ-૩, અમર મીલન સોસા., ગાંધીનગર, ડોંબીવલી (ઈ.) ૪૨૧૨૦૧. મો. ધીરેન-૮૮૭૯૪૬૭૧૮૮, મયુર-૯૮૨૦૬૬૭૭૨૨, ક્રિષ્ણા-૮૬૯૩૮૪૦૧૮૪.

4/1/1 --------- (1-4)


## શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
### શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ

**ચૈત્ર સુદ-પૂનમ, બુધવાર, તા. ૦૫/૦૪/૨૦૨૩**

**શત્રુંજય પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસણાં-પૂનમનાં દિવસે ભાતાની પ્રભાવનાં**

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તી પ્રશમરસનિધિ –આગમ દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ગણિવર્ય પ.પૂ. શ્રી ધર્મરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા–પની પાવનકારી નિશ્રામાં પૂનમનાં દિવસે દાદાની સેવા પૂજા કરી. પૂજ્ય ગુરૂ ભગવંતોના દર્શન–વંદન કરી ભાતાની પ્રભાવનાનો લાભ લેવા વિનંતી.

ભાતાની પ્રભાવનાનો લાભાર્થી પરિવાર

**શ્રી પ્રાણલાલ દામોદર મહેતા પરિવાર – ગામ : જામમેવાસા**

શત્રુંજય પટ્ટ ૧૦૮ ખમાસણા બાદ ભાતાની પ્રભાવના

**માતુશ્રી હિરબાઈ પ્રાણલાલ દામોદર મહેતા પરિવાર – ગામ : જામમેવાસા**

જીરાવલ્લા તીર્થમાં શ્રી ઘાટકોપર સંઘનાં આંગણે ચૈત્રમાસની નવપદની શાશ્વતી આયંબીલ ઓળીમાં નિશ્રા પ્રદાન કરનાર પ્રશમરસનિધિ–આગમ દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા– ૫ સુખશાતામાં બીરાજમાન છે.

ગુરૂ ભગવંતો સાથે બહોળી સંખ્યામાં વર્ધમાન તપનાં આરાધકો, નવપદનાં આરાધકો તથા છુટક આયંબીલ કરનારા તપસ્વીઓની ભુરી ભુરી અનુમોદના.

ગણિવર્ય પ.પૂ. શ્રી ધર્મરત્નસાગરજી મ.સા.–૯ આયંબીલ, મુનીરાજ પ.પૂ. શ્રી આનંદરત્નસાગરજી મ.સા.–૯ આયંબીલ અને સાથે ૩૫મી ઓળીના આરાધક–તપસ્વી મુનીરાજ પ.પૂ. શ્રી પ્રેમરત્નસાગરજી મ.સા. સુખ શાતામાં બીરાજમાન છે.

દરેક ગુરૂ ભગવંતો તથા તપસ્વીઓનાં પારણાં ચૈત્રવદ-એકમ ગુરૂવાર તા. ૦૬/૦૪/૨૦૨૩ના સવારનાં ૭.૩૦ વાગ્યે રહેશે.

જય જીરાવલ્લા

લિ. માનદ્ મંત્રીઓ




**નાના આસંબીયા** હાલે બેંગ્લોરના **શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ (છેડા).** ઉ.વ.૮૭. તા.૨૯-૩-૨૦૨૩ ના અરિહંત શરણ પામેલ છે. શાંતિલાલ નાગજી શાહના ધર્મપત્ની. લધીબાઈ નાગજી શીવજીના પુત્રવધુ. કાંતિલાલ, નાંગલપુરના ઝવેરબેન ધીરજલાલ ગંગર, કોડાયના કસ્તુરબેન પ્રવિણભાઈ સાવલા, નાની ખાખરના મધુબેન હિતેનભાઈ દેઢિયા, કોડાયના તારાબેન કંચનભાઈ લાલનના ભાભી. કંકુબેન કાંતિલાલના જેઠાણી. વિણા પારસ કાંતિલાલના કાકી સાસુ. નાંગલપુરના જેઠીબાઈ ઘેલા સંગોઈના દોહિત્ર વહુ. ભુજપુરના પાનબાઈ પ્રેમજી પૂંજા ભેદાના સુપુત્રી. મનહર પ્રેમજી, વાંકીના ઝવેરબેન માવજી સાવલા, સમાઘોઘાના કેશરબેન ધારશી સાવલા, હાલાપરના કુસુમબેન જગદીશ મારૂના બહેન. ભુજપુરના નયનાબેન મનહરના નણંદ. ભુજપુરના જેઠાલાલ નરપત શેઠિયાના ભાણેજી. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. વિમળા શાહ. ૪૭ રચના, ૪ ક્રોસ, ૫ બ્લોક, કોરા મંગલા, બેંગ્લોર, ૫૬૦૦૯૫. પારસ કાંતિલાલ - ૯૪૨૫૧૫૨૪૨૯, અશ્વિન માવજી-૯૮૪૫૧૬૪૨૨૨, કેકીન મનહર-૯૮૨૦૪૨૩૩૧૮.

4/1/1 --------- (1-5)



**પુનડી**ના **ગં.સ્વ. મણીબેન લાલજી ચના મામણીયા** ઉ.વ. ૯૨, તા. ૨૭-૩-૨૦૨૩ના કચ્છમાં અવસાન પામેલ સ્વ. જીવામા ચના મામણીયાના પુત્રવધુ. સ્વ. લાલજીના ધર્મપત્ની. સ્વ. કસ્તુર, અમૃત, સ્વ. ગીરીશ, સ્વ. વિનોદના માતુશ્રી. તલવાણાના રાયચંદ હીરજી, ગં.સ્વ. રીનાના સાસુ. બિદડાના સ્વ. પાનબાઈ કાનજી ગોગરીના ભાભી. મોટા આસંબીયાના સ્વ. પુંજીમા દર્શી ગણપત વીરાના પુત્રી. સ્વ. ખીમજીના બેન. સ્વ. કુંવરબેનના ભાભી. ડેપાના સ્વ. ચોથીબેન ધારશી નેણશી મારૂના દોહીત્રી. બેરાજાના સોનબાઈ લીલાધર સાવલા, ડેપાના ડુંગરશી ધારશી મારૂના ભાણેજી. કિંજલ, જીનલ, સ્વ. કેવલ, સ્વ. રીધ્ધીના દાદી. ફાલ્ગુની, જયેશ, અલ્પાના નાની. તલવાણાના સ્વ. હીરબાઈ હીરજી દેઢીયા, મુંબઈના શાંતીબેન પ્રેમજી પટેલના વેવાણ. નાની ખાખરના પારસ હરેશ વીરા, મુંબઈના વેણુગોપાલ કર્નાટીના દાદી સાસુ. મોટા રતાડીયાના રાજેશ વિસનજી ગોસર, તલવાણાના મિત્તલ જયેશ, નાગપુરના સ્વપ્નીલ કાંબલેના નાની સાસુ. સંભવ, ધ્રુવીલ, કીયાન, રીધમના પરનાની. **પ્રાર્થના રાખેલ નથી.** ૧૨ નવકાર ગણવા. રહેઠાણ : રીના મામણીયા, ઉત્તરો ફરીયો, સ્થાનકની બાજુમાં, પુનડી, કચ્છ, તાલુકો : માંડવી-૩૭૦૪૮૫. ફોન નં. ૮૧૦૪૮૩૪૫૯૯.

4/1/1 --------- (1-6)

## મહિલા સંસ્થા સમાચાર

**શ્રી ગઢશીશા સાહેલી મંડળ 'વાર્ષિક દિન' 'લ્હાણી' સાથે ડીજીટલ અંતાક્ષરી અનોખી**

તા. ૧૪-૪-૨૩, શુક્રવારે બપોરે ૧.૩૦ વાગ્યાથી.

- સ્થળ : શ્રી માટુંગા ક.મૂ.જૈન શ્વે. સંઘની શ્રી નારાયણજી શામજી મહાજન વાડી (૩જે માળે)
- સમય : ૧.૩૦ થી ૩.૦૦ સુધી લ્હાણી તેમજ મેમ્બરશીપ નોંધણી બાદ ડીજીટલ અંતાક્ષરી.
- ડ્રેસ કોડ : બોલીવુડ થીમ આધારીત સજીને પધારશો.
- ગામ બાડાના મનીષા મયુર સાવલા સંગાથે માણશું 'અંતાક્ષરી'નો અનોખો માહોલ.
- આજે સાહેલી મંડળનો 'સ્થાપના દિન' છે. વધુને વધુ સંખ્યામાં મેમ્બર બહેનો પધારે (આઇ કાર્ડ ફોટા સાથે ફરજીયાત રહેશે)
- નવી મેમ્બરશીપ નોંધાવો તેમજ રીન્યુ કરાવો.
- સાહેલી મંડળમાં અવનવા પ્રોગ્રામો સાહેલીઓ સંગાથે માણવાની મઝા જ કુછ ઓર હૈ.
- જન્મ દિવસ : એપ્રીલ માસમાં 'જેમના' બર્થ ડે છે તેમની સાથે 'કેક કટીંગ' ઉજવશું. તા.ક. : લ્હાણી એક જ દિવસે આજે જ મેળવી લેવી. લિ. મંત્રીઓ.

4/1/1(16) -------- (A-0153)(2-1)

**શ્રી કપાયા સખી વૃંદ નવી કારોબારીની નિમણુંક**

શ્રી કપાયા સખી વૃંદની નવી કારોબારીની નિમણુંક વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૬ ત્રણ વર્ષ માટે રચના કરવાની છે. તેની માટે જેઓ મંડળના છેલ્લા ૫ વર્ષથી સભ્ય હોય તેઓ અરજી કરી શકશે. અરજી સ્વઅક્ષરમાં લખી બોટપાર્ટીના દિવસે આપવાની રહેશે. કોઇ કારણસર તે દિવસે નથી આવી શક્તા તો તમારી અરજી બીજા કોઇ સાથે મોકલી શકો છો. લિ. મંત્રીઓ.

4/1/1(41) -------- (A-0197)(1-5)

**(JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે રાત્રે ૧૦ વાગ્યા પછી ચૌવિહાર કરવા (અનશન તપની સાધના કરવા).

- સામાહિક પચ્ચખાણ : ૧-૪ થી ૮-૪. મેંદુવડા વાપરવા નહીં. (આહાર સંજ્ઞા પર વિજય મેળવવા).
- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઇન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(15) -------- (A-0154)(2-2)

**પ્લોટ ભાડા પર**

મીરા રોડ હાઇવે ટચ, ઠાકુર મોલની સામે ૬૦૦૦ ફુટનો પ્લોટ ભાડા પર આપવાનો છે. પાણી અને પાવરની સગવડ છે. સંપર્ક : હસમુખ-9821288826.

4/1/1(37) -------- (B-0195)(1-5)

## શૈક્ષણિક

**જન્મ દિવસના હાર્દિક વધામણાં સોનગઢ રત્નાશ્રમ**

જન્મ દિવસ જેવા પ્રસંગો તો આવતા જ હોય છે. પણ જ્યારે આવા પ્રસંગોએ કરેલું શુભ કાર્ય આપણી ખુશાલીને બેવડાવી દે છે ત્યારે અતિઆનંદની અનુભુતિ થાય છે. ગામ : બેરાજાના ચિ. મિરાંશ નિધિ હર્ષિલ કક્કાના જન્મ દિવસ પ્રસંગે હસ્તે દાદા-દાદી શ્રીમતી વંદનાબેન પ્રવિણ દામજી કક્કાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૨૨૦૦૦/- (બે વિદ્યાદાતા) નું દાન આપી જન્મ દિવસની અનેરી ઉજવણી કરી. જ્યાં સમાજના ૪૯૬ જેટલા બાળકો કોઇ પણ જાતના લવાજમ વગર અનેકવિધ તાલીમ લઇ રહ્યા છે. પ્રેરક : ભુ.વિ. નિપુન કક્કા-બેરાજા-૮૭૬૭૭૧૮૬૬૪. લિ. સિધ્ધાર્થ કક્કા-ભૂ.વિ.મંડળ સભ્ય-બેરાજા-૮૭૮૮૫૮૧૦૯૯.

4/1/1(24) -------- (A-0175)(2-4)

**ઉત્તુંગ શિખરોમાંનું એક શિખર એટલે સોનગઢ રત્નાશ્રમ**

જીનશાસનનાં શાસ્ત્રોમાં અનેક સ્થળોએ દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્વોની મહતા મન ભરીને ગાવામાં આવી છે. સોનગઢ રત્નાશ્રમનાં બાળકો એ દ્રષ્ટિએ ખુબજ ભાગ્યશાળી છે કે એમને આ ત્રણે તત્વોનો ઘર આંગણે જ ભરપુર લાભ મળ્યો છે.ગામ - સમાઘોઘાનાં માતુશ્રી સોનબાઇ રાયશી નપુ રાંભિયાની પાવન સ્મૃતિમાં હસ્તે પરીવારજનો તરફથી સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂ. ૨૫૦૦૦/- (બે વિદ્યાદાતા) નું અનુદાન આપી નામ કાયમ કર્યુ છે. જ્યાં સમાજના ધોરણ-૬ થી ૧૨ના ૪૯૬ જેટલા બાળકો કોઇપણ જાતના લવાજમ વગર પોતાના જીવનનું ભાથું બાંધી રહ્યા છે. લિ. પીયુષ ગાલા - કારોબારી સભ્ય-સમાઘોઘા-૯૩૨૩૨૫૫૭૭૭.

4/1/1(25) -------- (A-0174)(2-5)

**OGENERL A.C. વાપરો પંખાની જેમ વિજળીના બીલની ચિંતા વગર**

Ogeneral નવા ઇન્વરટરવાળા A.C. વિજળીના બીલમાં ૫૦% સુધીની બચત કરશે. પુરા ઇમ્પોર્ટેડ ૧૦૦% કોપરવાળા, પાવરફુલ કુલીંગવાળા બીલ અને વોરન્ટી સાથે મળશે. સરળ હપ્તાની સગવડ, ફ્રી હોમ ડીલીવરી, જુના AC ની એક્સચેન્જની સગવડ છે. તેમજ બીજી જાણીતી બ્રાન્ડના AC પણ મળશે. જેમ કે VOLTAS, HAIER, PANASONIC, LG, Daikin, MITSUBISI પણ મળશે. Window AC પણ છે. મળો : 9967780310. ચંદ્રકાંત વીરા-ભુજપુરવાળા.

2/1/1(26) -------- (B-0173)(2-6)

**દેવાલાલી મધ્યે ઘરની સજાવટ માટે**

દેવલાલી મુકામે આપના ઘરનું ઇન્ટીરીયર, સુતારકામ, સીવીલ કામ, ફેબ્રીકેશન, લાઇટ ફીટીંગ, પી.ઓ.પી. તથા કલરકામ માટે વિશ્વાસપાત્ર નામ. ગુડ્ડુ મિસ્ત્રી (દેવલાલી) ૯૮૩૪૧૨૫૨૩૯, ૯૯૬૦૮૦૮૬૪૫. તા.ક. : વાગડ ગલ્લી, દેવલાલી મધ્યે ૭૨ ઘરોના નવા કામો કરેલ છે. આપના બંગલા, રો-હાઉસ કે બ્લોકમાં ફર્નિચર તથા અન્ય કોઇ પણ નવા કામ તથા રીપેરીંગના કામ માટે મળો.

4/1/1(27) -------- (N-0172)(2-7)

## સંસ્થાકીય મિટીંગ

**શ્રી અચલગચ્છ જૈન દેરાસર ટ્રસ્ટ-વસઇ EGM તા. ૦૯-૦૪-૨૦૨૩**

શ્રી સંઘના સભ્યોને જણાવવાનું કે શ્રી સંઘની અસાધારણ સભા (E.G.M.) તા. ૦૯-૦૪-૨૦૨૩ ને રવિવારના ૨.૦૦ કલાકે શ્રી અચલગચ્છ જૈન ભવનમાં રાખવામાં આવેલ છે. તેમાં નીચે જણાવેલા મુદ્દાઓ ઉપર ચર્ચા-છણાવટ કરીને બહાલી આપવામાં આવશે તો સહુ સભ્યોએ સમયસર હાજર રહેવા વિનંતી.

- (૧) પ્રમુખ તરીકે વરણી
- (૨) ગત મીટીંગ/સભાની મીનીટસનું વાંચન/બહાલી.
- (૩) ભવનમાં જરૂરી એવા ફેરફાર/રીપેરીંગ કાર્ય બાબતની ચર્ચા તેના ખર્ચ બાબતની ચર્ચા અને બહાલી.
- (૪) ચૈત્ર માસની આયંબીલ ઓળીના થયેલ ખર્ચની રજુઆત.
- (૫) સંવત ૨૦૭૯ના વર્ષમાં આવનાર પર્યુષણ પર્વની ઉજમણી બાબત/પ્રવચન માટે ચર્ચા-વિચારણા.
- (૬) શ્રી સંઘની ઉઘરાણી બાબત અને તે માટે આગળની કાર્યવાહીની સમજણ અને ચર્ચા.
- (૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય જે બાબત રજુઆત થાય તે.
- કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ ફરી પાછી મળશે અને તેમાં થયેલ કાર્યવાહી કાયદેસરની ગણાશે. સહુ સભ્યોએ હાજર રહેવા ખાસ વિનંતી.
- 'સબ કા સાથ-સંઘ કા વિકાસ'.
- એ જ લિ. શ્રી અચલગચ્છ જૈન દેરાસર ટ્રસ્ટ-વસઇ ટ્રસ્ટીગણ.

4/1/1(36) -------- (A-0180)(2-8)

**હાફુસ કેરીનો તાજો રસ**

મીઠો, તાજો પ્યોર હાફુસ કેરીનો હોમમેડ રસ હોલસેલમાં ઉપલબ્ધ. સંપર્ક : વિજય નાગડા-૭૦૨૧૩૧૭૮૦૧.

4/1/1(35) -------- (B-0182)(2-9)

**હોટલ નીતા શાંતિ વિલા મહાબળેશ્વર**

૨ રાત્રી તથા ૩ રાત્રીના પેકેજ. સુપર ડિલક્ષ બે, ચાર, છ બેડના રૂમ-ડુપ્લેક્ષ વીલા. A.C કોચ દ્વારા ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા. પ્યોર વેજ, જૈન ફુડ, બ્રેકફાસ્ટ, લંચ, ડિનર, સાઇટ સીન.

- વોટર સ્લાઇડ, સ્વીમીંગ પુલ, પ્લે ગ્રાઉન્ડ, પાર્કિંગ, ઇન્ડોર, આઉટ ડોર્સ ગેમ સુવિધા, સાઉથ ઇન્ડીયન, પંજાબી, ચાઇનીઝ, ગુજરાતી સ્વાદિષ્ટ સાત્વિક મેનુ. માર્કેટ, એસ.ટી. સ્ટેન્ડથી માત્ર એક મીનીટના અંતરે. શુભ પ્રસંગો અને અન્ય કાર્યક્રમો માટે વિશાળ Lawn ઉપલબ્ધ.
- ૮૦ રૂમ + ૩૦૦ મહેમાનો રહી શકે તેવી સુવિધા. સં. નીતા ટ્રાવેલ્સ-8652222690, 8652222656, 8652222893, 28919125.

2/1/1(32) -------- (B-0187)(2-10)

**લોનાવાલા**

રોજિંદા ભાડાથી ૩-બેડરૂમ, હોલ, કિચનનો લક્ઝુરીયસ બંગલો, સ્વીમીંગ પુલ, એ.સી., ફ્રીજ, ટીવી, ગેસ, વાસણો, કેરટેકર સાથે જુઓ વેબસાઇટ Lonavalastay.yolasite.com (MTDC Approved) સંપર્ક : રાજેશ શાહ-૯૮૨૦૩૩૪૩૪૫, ૯૭૦૨૬૬૮૮૦૦.

2/1/1(30) -------- (B-0169)(2-11)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ www.kvoss.org

**તા. ૪ એપ્રીલ - સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

શ્રીમતી ઉષાબેન મણીલાલ ઉમરશી ગાલા (કાંડાગરા) નાં જન્મદિન નિમિત્તે એમના તરફથી.

- કુ. પૂનમ હેમંત હંસરાજ મારૂના જન્મ દિવસ નિમિત્તે શ્રી હંસરાજ હેમરાજ મારૂ (ચીઆસર) તરફથી.
- શ્રીમતી હીરાવંતીબેન અને શ્રી પ્રાણજીવન નાનજી છેડા (કાંડાગરા) ની લગ્નતિથિ નિમિત્તે શ્રી પ્રાણજીવન નાનજી છેડા તરફથી.
- સ્વ. માતુશ્રી લક્ષ્મી (ઝમકુ) હંસરાજ ગડાનાં સ્મરણાર્થે હસ્તે શ્રી હસમુખ તથા શ્રી ભરત ગડા (મંજલ રેલડીયા) તરફથી.
- શ્રીમતી નિર્મળા પ્રવિણચંદ્ર મોરારજી કેનીયા (બારોઇ)ના જન્મ દિવસ નિમિત્તે શ્રી પ્રવિણચંદ્ર મોરારજી કેનીયા તરફથી.
- શ્રી લક્ષ્મીચંદ વશનજી જેઠાભાઇ સાવલા (વડાલા-ગોરેગામ)ની પુણ્યસ્મૃતિ નિમિત્તે, શ્રીમતી મણીબાઇ લક્ષ્મીચંદ વશનજી સાવલા તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(34) -------- (A-0185)(2-12)

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ - 'શુભેચ્છક દાતા'**

ચૈત્ર સુદ-૧૩ માટે મહાવીર જયંતિ નિમિત્તે પ્રગતિ ગ્રુપ (ભાયખલા) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઇ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(33) -------- (A-0186)(2-13)

**શ્રી કચ્છ દેઢીઆ જૈનશ્વેતાંબર સંઘ દેઢીઆ ગામવાસી ભાઇ-બહેનો નિયાણી બહેનો**

ચાલો દિવ્ય દેઢીઆ નગરે.

- દાદા આદિનાથના સાન્નિધ્યમાં શાંત અને ખુશનુમા વાતાવરણમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વ મધ્યે ધર્મ આરાધના કરવા ચાલો સ્થાનિકે...
- સંઘરૂપે સાથે જવાનું તા. ૧૨-૮-૨૦૨૩ સંઘરૂપે જેમણે સાથે ચાલવું હોય તેઓએ તેમના નામ તા. ૯-૪-૨૦૨૩ સુધી મહેન્દ્ર સુંદરજી પાસડને ફોન નં. ૯૮૧૯૪૨૪૨૬૬ ઉપર ૧૨ વાગ્યા પછી લખાવી દેવા.
- તા.ક. : આરાધના કરાવવા માટે મ.સા.ને નિશ્રા પ્રદાન કરવા વિનંતી કરેલ છે.
- ડીપોઝીટ ભરવાની નથી પરંતુ સંજોગવશાત આપના કાર્યક્રમમાં ફેરફાર થાય તો સંઘના નિયમ પ્રમાણે પૈસા ભરવાના રહેશે.
- પર્વ પર્યુષણ દરમ્યાન સ્થાનિકે રહેઠાણ તેમજ સાધર્મિક ભક્તિની વ્યવસ્થા તા. ૨૪-૮-૨૩ સુધી સંઘ તરફથી રહેશે. વધુ વિગત માટે સંપર્ક : હીરજી રાયશી પાસડ-૯૩૨૧૧૩૧૩૧૫. લિ. મંત્રીઓ.

4/1/1(28) -------- (A-0171)(2-14)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# જીવદયા અનુદાન

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

૧૧૧૫૦૦ અગીયાર હજાર પાંચસો શ્રી જલારામ સત્સંગ મંડળ-ઝવેર રોડ, મુલુંડ (વે.) આભાર.

● ૧૧૦૦૦ રૂા. અગીયાર હજાર - ગામ કોટડા રોહા હાલે મુલુંડના અજીતકુમાર ડુંગરશી ટોકરશી વિકમાણીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ૧ ગાય દત્તક હ. પુર્વીબેન ઉમરશી વિકમાણી. આભાર. ખુશાલ વીરા-૯૩૨૩૯૧૪૩૦૧, વલમજી વોરા-૯૮૨૦૨૯૨૧૫૯.

4/1/1(2) -------- (A-0181)(3-1)

**જીવદયા દાતાશ્રીઓનો આભાર**
**શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ-ચીંચબંદર**

શા રામજી મુલજી દેવશી જૈન ધર્મસ્થાનક ચીંચબંદર, મું. ૯ પક્ષીઓને રોજ ચણ નાખવામાં આવે છે જે માટે દાળિયા બા. ૧ પ્રેમજી રવજી ગડા મુ. સેન્ટ્રલ, દાળિયા બા. ૧ કીશોર કાનજી-મુલુન્ડ, જુબા-૪ ન્યુ વાગડવાલા પેપર બેગ કું. ભાતબજાર, જુબા-૨ પ્રમાણિક સ્ટોર્સ ડોંગરી હ. મનોજ નેમજી ધરોડ, જુબા-૧ દામજી ઉમરશી ધરોડ-લુણી, જુબા-૬ રોમન સુપર માર્કેટ-અંધેરી, જુ. ૧૩૦ કિલો એક સદ્ગ્રહસ્થ, જુબા-૧ સ્વ. રસીકલાલ મણીલાલ ગાલા-ડોમ્બીવલી હ. મંજુલાબેન મણીલાલ ગાલા-છસરા, જુબા-૧ નરેન્દ્ર મણીલાલ ગાલા-છસરા, જુબા-૧ મણીલાલ લાલજી ગાલા-છસરા, જુબા-૨ ડો. રાજેશ વોરા-પરેલ, જુબા-૩, ડો. રાજેશ વોરાના સુપુત્ર સાગરના જન્મદિવસ નિમિત્તે -નવીનાર શ્રી સંઘ સર્વે દાતાઓનો આભાર માને છે. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(22) -------- (A-0160)(3-2)

**શ્રી છસરા જખ્ખ દેવ-વિશલ માતાજી સ્થાન**

કચ્છ-કંઠી-વાગડ-અબડાસા-હાલારનાં ગાલા ભાવિકોનું તિર્થધામ.

● શ્રી છસરા જખ્ખદેવ તથા વિશલ માતાજીના સ્થાને નમતા ગાલા ભાવિકો તથા સહ ભાવિકો તથા નિયાણી બહેનોને જોગ જણાવવાનું કે છસરા સ્થાનિકે ચૈત્ર સુદ પૂનમ સં. ૨૦૭૯, તા. ૬-૪-૨૦૨૩ને ગુરૂવારે સવારે ૧૧.૦૦ વાગે પહેડી પ્રસાદ ચડાવવામાં આવશે. તો આ પ્રસંગે સર્વે ભાવિકો તથા સહ ભાવિકો તથા નિયાણી બહેનોને સહ કુટુંબ પધારવા આમંત્રણ આપીએ છીએ.

● આ વર્ષની પહેડીના દાતા શ્રીમતી મંજુલાબેન ખીમજી ભારમલ ગાલા પરીવાર, ગામ : ઘાણીથર તથા માતુશ્રી ચંપાબેન બાબુલાલ પોપટલાલ ગાલા પરીવાર ગામ : ગાગોદર તરફથી પહેડી ચઢાવવામાં આવશે.

● સ્થાનિકે માતાજીના મળેલ આદેશ પ્રમાણે વાર્ષિક જુવાર ચૈત્ર સુદ-૧૩ અને ૧૪ તથા દિવાળીને દિવસે તથા કારતક સુદ ૧૩ અને ૧૪ ને દિવસે ચઢાવવાનું નક્કી કરેલ છે.

● ખાસ સુચના : આ પુનમની રાત્રે બેઠક બંધ રાખેલ છે.

● લિ. શ્રી છસરા જખ્ખદેવ-વિશલ માતાજી ભાવિક મંડળના જય માતાજી.

4/1/1(42) -------- (B-0196)(3-3)


**શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ**

૨૨૬-૨૩૨ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, જૈન દેરાસર, મુંબઈ-૪૦૦૦૦૯.
ફો. ૨૩૪૭૫૧૩૩ / ૨૩૪૫૫૪૬૪
Youtube : bit.ly/derawasimahajan

**કચ્છી ભવન પાલીતાણા**

**માતુશ્રી પાનબાઈ ભીમશી ખેતશી નાગડા મોથાળાવાલા ભોજનાલય નીભાવ ફંડ**

ઉપરોક્ત ફંડ માટે મહાજનશ્રીએ કરેલી અપીલના પ્રતિસાદમાં શાશ્વત તિર્થમાં અપાતા આવા શ્રેષ્ઠ દાનનું મહત્વ સમજનારા સુજ્ઞ દાતાઓ તરફથી યોગ્ય જગ્યાએ તક્તી પર નામ પ્રદર્શીત થાય એ શરતે નીચે મુજબ દાતાઓ તરફથી રૂા. ૫૧૦૦૦/- ના બે દાન પ્રાપ્ત થયા છે.

(૫૦૩/ ૫૦૪)

પ.પૂ. હંસાવલી શ્રી મહારાજ સાહેબની પ્રેરણાથી

**માતુશ્રી કેસરબેન તલકશી રવજી ગોસર**

**શ્રી સુરેન્દ્ર તલકશી રવજી ગોસર (દેવપુર-ચેન્નાઈ)**

**હસ્તે મીઠીબેન વેરશી ગોસર વીરા-દેવપુર**

**અ.સૌ. વાસંતી રમેશ તલકશી ગોસર**

**ચિ. ધીરવ રમેશ તલકશી ગોસર (દેવપુર-ચેન્નાઈ)**

સુજ્ઞ દાતાઓની ભુરી ભુરી અનુમોદના...પ.પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને આ શુભ કાર્યમાં પ્રેરક અનુમોદના કરવા બદલ વંદના.

લિ. માનદ્ મંત્રીઓ


**રાજ કોમ્પ્યુટર્સ એકેડમી નાલાસોપારા (ઈ)**

શું તમે તમારા બાળકની રૂચિ મુજબ કોમ્પ્યુટર કૌશલ્યમાં તેનું સારું ભવિષ્ય જોઈ રહ્યા છો ? તો અમારા કારકિર્દી સલાહકારને વ્યક્તિગત રીતે મળો, અને રાજ કોમ્પ્યુટર એકેડમીમાં ગુણવત્તાયુક્ત કોમ્પ્યુટર શિક્ષણ મેળવો. ઓફિસ, વેબ ડિઝાઈન, સોશિયલ મીડીયા માર્કેટીંગ, પ્રોગ્રામીંગ, સાયબર સુરક્ષા જેવા કોમ્પ્યુટર કોર્સેસ સ્પેશિયલ વેકેશન ઓફર દરેક કોર્સ પર ૫૦% છુટ. શ્રી લાલજી કેશવજી ભેદા ચેરીટી ટ્રસ્ટ દ્વારા કચ્છી જૈન ભાઈ બહેનો માટે રાહતના દરે કોમ્પ્યુટર કોર્સેસ શીખવાડવામાં આવી રહ્યા છે જેનો લાભ લેવા સૌ ને આમંત્રણ. ફોન કમલેશ દેઢીયા - ૮૦૮૦૧ ૮૮૨૯૮ (આર્થિક પરિસ્થિતિને કારણે ફી ન ભરી શકતા ભાઈ બહેનોને કોમ્પ્યુટર શીખવામાં ફીની મદદ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે).

4/1/1(29) -------- (B-0170)(3-4)

**જાહેર આમંત્રણ શ્રી પાબુદાદા તથા શ્રી ખેતરપાળ દાદાની દસમી સમૂહ પહેડી આવી રે આવી**

'ધન્ય ધરા કચ્છની, ધન્ય કચ્છ ગામ ધન્ય દાદાના ભાવિકો, જેમના હૃદયે દાદાનું નામ'

● સમર્યા સાદ દેનાર, હાજરા હજુર શ્રી પાબુદાદા શ્રી ખેતરપાળ દાદા અને શ્રી નાગેશ્વરી માઁની દસમી સમૂહ પહેડીના પડઘમ વાગી રહ્યા છે. કચ્છના ૫૨-૪૨-૨૪ ગામના દાદાને નમતા અને માનતા સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

● પહેડીનો સમય : તા. ૧૬-૪-૨૦૨૩, રવિવાર, બપોરના ૩.૦૦ વાગેથી. સ્થળ : નિકુંજ હોલ, અંબોલી ફાટક પાસે, અંધેરી (ઈસ્ટ) લિ. શ્રી પાબુદાદા તથા શ્રી ખેતરપાળ દાદા મુંબઈ ભાવિક મંડળ વતી રોહીત હીરજી છેડા : મો. ૯૩૨૪૬૫૯૯૭૭, ૯૯૨૦૪૨૯૯૭૭.

4/1/1(40) -------- (B-0198)(3-5)

**રૂા. ૫૫૦માં ગાયનું દેશી ઘી, ફ્રી હોમ ડીલીવરી પસંદ ન આવે તો ફુલ પૈસા પાછાની ગેરંટી**

અમે ઘીના ઈમ્પોર્ટર અને હોલસેલર્સ છીએ એટલે સોમનાથનું દેશી ગાયોનું ઘી હોલસેલ ભાવે રૂા. ૫૫૦ માં ૧ લીટર સંપુર્ણ મુંબઈમાં હોમ ડીલીવરી કરવામાં આવે છે. આજ ઘી દુકાનો અને મોલમાં રી-બ્રાન્ડીંગ કરી રૂા. ૬૦૦ થી ૭૦૦માં વેચાય છે. રોજીંદા ઘરેલુ ઉપયોગ અને મીઠાઈ બનાવવા આ ઘી ઉત્તમ છે. બજારમાંથી વધુ પૈસા આપીને મોટી બ્રાન્ડનું ઘી લેતાં પહેલા આ ઘી ૧ લીટર મંગાવીને જરૂરથી ટ્રાય કરશો. જેમાં પૈસાની બચત થશે અને ક્વોલીટીની ગેરંટી મળશે, નહીં તો ફુલ પૈસા પાછા. ૨ થી ૧૦ લીટરનાં ઓર્ડર પર ૧ કેસરનું પેકેટ ફ્રી. અમારા બીજા ઘી-ગીર ગાયનું A2 ઘી રૂા. ૮૩૦ માં ૧ લિ., દિવાબત્તીનું ઘી રૂા. ૪૦૦ માં ૧ લિ. મળશે. ઓર્ડર માટે ફોન કે વોટસએપ કરશો. મિલન સતરા (ગુંદાલા) 9890628266 (મધુર ઘી વાળા).

4/1/1(38) -------- (B-0194)(3-6)

**જે.જે. હોસ્પીટલ : અન્નદાન ક્ષેત્ર વર્ષગાંઠ**

ગામડાઓમાંથી ઓપરેશનો કરાવવા જે. જે. હોસ્પીટલમાં સારવાર લેતા દર્દી નારાયણની વ્યથાને વિસારવા માટે જીવન જ્યોત કેન્સર રીલીફ એન્ડ કેર ટ્રસ્ટને અનેક સેવાઓ ઉપલબ્ધ કરી છે. ત્યાં શીતળ જલ કેન્દ્ર (પાણીની પરબ), બાથરૂમ, ટોયલેટ તથા સુવા-રહેવાની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવી છે. આ સ્થળે બપોરે ૧૨ થી સાંજે ૬ વાગ્યે આસરે ૪૦૦ દર્દી-બરદાસીઓ કંદમુળ અને તીથીએ લીલોત્રી વિનાનું સાત્વિક ભોજન મેળવે છે. 'મહાવીર જયંતિ'ના શુભ દિવસે આ 'અન્નદાન ક્ષેત્રની ૧૭મી વર્ષગાંઠ' ઉજવતા સંસ્થાના દરેક કાર્યકર્તાઓ આનંદની લાગણી અનુભવી રહ્યા છે. લિ. જીવન જ્યોત સંસ્થા વતી મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી હરખચંદભાઈ સાવલા (બાડાવાલા) ૯૮૬૯૨૦૬૪૦૦.

4/1/1(43) -------- (A-0207)(3-7)

# શ્રદ્ધાંજલિ

**નાના ભાડિયાના માતૃ તુલ્ય કાકીને ભાવભરી શ્રદ્ધાંજલિ**

માતૃ તુલ્ય કાકી ભારતીબેન ગીરીશ ચનાભાઈ રાંભીયાને પ્રથમ પુણ્યતિથિ પર નત મસ્તકે આદરાંજલી, પુષ્પાંજલી (અરિહંત શરણ : ૪-૦૪-૨૦૨૨). આપ રહેશો...નિરંતર અમારા મન મંદિરમાં, નિરંતર અમારા હૃદયમાં. આપના ચરણમાં, અમારા કોટી કોટી વંદન. આપનો આત્મા શિઘ્રતાથી શિઘ્ર મોક્ષપદ પામે તે પ્રભુ પાસે પ્રાર્થના. આપની પ્રેમાળ સ્મૃતિમાં : પૌત્રી : ભક્તિ અને નિરલ, પુત્ર-પુત્રવધુ : ભાવના કેતન રવીલાલ મારૂ (નાના ભાડીયા/ ડોંબીવલી).

4/1/1(3) -------- (B-0183)(3-8)

**છેડા પરિવારનજો હરખ જો નોતરો.. ૨૫મી સામુહીક પહેડી !!!**

બાયઠ ગામે બીરાજમાન શ્રી જખદાદા એવમ કપાયા ગામે બીરાજમાન શ્રી અંબેઈ માની ૨૫મી સામુહિક પહેડી વૈશાખ સુદ-૧૧ને રવિવારના તા. ૧૬/૪/૨૩ નાં સાંજના ૪ કલાકે પાયોનીયર હાઈસ્કુલ ભાઉદાજી રોડ, માટુંગા મધ્યે રાખવામાં આવેલ છે, તો આ પ્રસંગે સર્વે ભાવિકો, નિયાણી બહેનો તથા આમંત્રીત મહેમાનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે, ૨૫મી પહેડીના દાતાશ્રી અ.સૌ. કુસુમબેન મણીલાલ લાલજી છેડા, પરિવારની ખુબ ખુબ અનુમોદના, કાર્યક્રમની રૂપરેખા ચા-નાસ્તો : સાંજના ૪ કલાકે, વિધિ વિધાન : સાંજના ૪/૩૦ કલાકે (વસંત રાજગોર મહારાજ), લકી નંબર / સ્વાગત ચોકલેટ : MELTON ચોકલેટસ. ભક્તિ ભાવના : કપીલ દેઢિયા (દેશલપુર કંઠી સાથી કલાકારો), ભાવતા ભોજન : ૬ થી ૯.૩૦ (સિલ્વર કેટરર્સ) ચૌવીહારની વ્યવસ્થા છે. બન્ને સ્થાનના વાર્ષીક ખર્ચના રૂા. ૧૫૦૦ + ૧૫૦૦ = રૂા.૩૦૦૦ જમા કરવા (વધેલા ખર્ચને પહોંચી વળવા થયેલ વધારો) શ્રી જખદાદા મંદીરે અખંટ દિપકનો નકરો રૂા. ૨૦૦૦ લેખે, લાભ લેવા વિનંતી. આ જાહેરાતને રૂબરૂ મળ્યા તુલ્ય સમજીને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી. લિ. અંબઈમાઁ - કપાયા, જખદાદા બાયઠ ભાવિક મંડળ.

2/1/1(21) -------- (B-0161)(3-8)

**"Accounts" & "Tax" ના કામોની ચિંતા... "9 Records" પર છોડો !!!**

રોજિંદા Accounts Management થી નિવૃત્ત થઈ Business ના વિકાસમાં ધ્યાન આપવું છે ?

● શું Accounts અને Internal Management Control માટે કોઈ સલાહકારની જરૂર છે ?

● શું તમને Income Tax/TDS/GST Return File કરવા કોઈ અનુભવી વ્યવસ્થાપકની જરૂર છે ?

● આ બધી ચિંતાઓથી મુક્ત થવા, સંપુર્ણ Computerized Accounts Management માટે Supervision & Overview of Accounts માટે, Formation of Company LLP & ROC Filing માટે Contact Us.

● Our Speciality

● ૨૫ વર્ષથી પણ વધુ વર્ષનો બહોળો અનુભવ.

● ૩૦ થી વધુ લોકોનો કર્તવ્યનિષ્ઠ Trained Staff.

● મધ્ય મુંબઈ (દાદર) જેવા એરીયામાં ઓફિસ.

● 9 Records LLP, (Panchsheel Group) Dadar (W) Ph. 24212812, 35409583. website : www.9records.in.

4/1/1(31) -------- (B-0188)(3-10)

**કાનની પટ્ટીના કાણા, ગાંઠ, કિલોઈડ મસા, તલ, કપાસીયા લેઝરથી ઝડપી ઈલાજ**

તપાસ કેમ્પ : ૪/૪, ૫/૪, ૬/૪. મંગળ, બુધ, ગુરૂ. રજીસ્ટ્રેશન ફી-૨૦૦ રૂા. સ્થળ : દિયા હેલ્થ કેઅર, ત્વચા, નખ, લેઝર, હેઅર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર, ૧૦૨, બિલેશ્વર ટાવર, પહેલા માળે, સંદીપ હોટેલની સામે, મુલુંડ (વે.) સમય : ૧૧-૪. સંપર્ક : ૯૮૨૦૭૪૮૮૪૦.

4/1/1(11) --------- (B-24670)(4-1)

**ઘુંટણ દર્દ, કમરદર્દ, પીઠદર્દ માલિશ કરી ને પેક લગાડી આપશું**

ઓપરેશનની જરૂરત નહિ પડશે.

● શુ તમારા ઘૂંટણ શરીર પીઠ કમર સ્નાયુ પગ દુઃખે છે? અમારા આધુનિક મશીન / દર્દ નિવારક તેલ થી માલિશ કરી આપશું. દર્દ નિવારક પેક લગાડી આપશું, ૨૪ કલાકમાં ફરક દેખાશે. રાહત દરે ચિકિત્સાની સેવા આપીએ છીએ. કટ કટ આવાજ આવતો હશે, અસહનીય પીડા થતી હશે. પગ અને પગના ગોટલા દુખતા હશે. ઘૂંટણ પર સોજા હશે. ત્વરીત આરામ મળશે. ધન્વંતરી ઔષધાલય & કાઉન્સીલિંગ ૭૭૧૫૮૯૬૨૬૧

2/1/1(3) --------- (B-0125)(4-2)

**'રીધ્ધી સિધ્ધી જ્વેલર્સ (ઘાટકોપર) માં'**
**! કલાત્મક દાગીનાની બેનમુન વેરાયટીઓ !**

લાડલીના લગ્ન લેવાયા હોય કે...પુત્રવધુના કુમકુમ પગલાં થવાના હોય. 'રિધ્ધિ સિધ્ધી જ્વેલર્સ' (ઘાટકોપર)ના લાજવાબ દાગીનાથી તમારા પ્રસંગને દિપાવો, પરીવારની શોભા વધારો.

● રિધ્ધી સિધ્ધી જ્વેલર્સ : ગાયત્રી ધામ, એમ.જી.રોડ-દેરાસર લેન કોર્નર, ઘાટકોપર (ઈસ્ટ) મો. ૮૭૬૭૮૬૩૧૩૨. તરૂણ સાવલા-રચિત સાવલા (કોડાય).

4/1/1(18) --------- (B-0151)(4-3)

**'ચીરાગ આર્ટસ' મીના ગાલા અમેરીકન ડાયમંડ અને ગોલ્ડ ફોરમીંગ જ્વેલરીમાં બેસ્ટ**

અમેરીકન ડાયમંડના પેન્ડલ બુટ્ટી સેટ, ઓપન સેટીંગના ઓન્લી પેન્ડલ, રીયલને ટક્કર મારે એવી બાલીઓ, ઓપનેબલ ડાયમંડ બેંગલ્સ, મોતી સેટસ, ડીઝાઈનર બ્રેસલેટસ અને વીંટીઓમાં અઢળક ડીઝાઈનો.

● 24 K સોનુ ચઢાવેલા ગોલ્ડ-રોડયમના મોનોપોલી જાડા ચેનો અને ફેન્સી ૩ લાઈનના ચેનો,જે તમને અમારા સિવાય ક્યાંય નહીં મળે તેની ખાત્રી.

● ગોલ્ડ ફોરમીંગ (નીકલ ફ્રી) ગંગા-જમના મગમાળા, ચંદન હારના પેન્ડલો અને ફેન્સી પેન્ડલો, બેંગલ્સ અને ચંદનહારની આકર્ષક શ્રેણી.

● ૬૦૧, એવન્યુ, ઈરાનીવાડી રોડ નં. ૪ કોર્નર, કાંદીવલી (વે.) ફોન કરીને આવવું. ચીરાગ-9619453802.

4/1/1(14) --------- (B-0155)(4-4)

**ડાયાબિટીસની અસરકારક ઔષધિ**

શ્રી ચંદ્રપ્રભુ દેરાસર થાણામાં રાહત દરે વિતરણ ચાલુ છે. ડાયાબિટીસને કંટ્રોલ કરી જડમૂળથી કાઢો. માનવ સેવા હેતુ ૧ મહિનાના માત્ર ૫૫૦ રૂપિયા રાખવામાં આવ્યા છે, પ્રાચીન વૈદકીય પદ્ધતિ થી બનાવેલી પ્રભાવના ડાયા કેર ગોળી થી માત્ર ૧૫ દિવસમાં જ ફરક દેખાશે. સાધર્મિક ભાઈ બહેનો ને વડીલો માટે, શ્રી ૧૦૦૮ ચંદ્રપ્રભુ દેરાસર થાણા માં રાહત દરે વિતરણ ચાલુ છે. લાભ લેશો જી. સંપર્ક રીતેન ગાલા-થાણા- 25404466, બીજા સેન્ટર્સ ડોમ્બિવલી ઈસ્ટ રામ નગર પોલીસ ચોકી સામે પ્રભાત ફૂડસ 9702168192 મુલુંડ વેસ્ટ નાગરિક સ્ટોર્સ 25611183 ઘાટકોપર ઈસ્ટ ફૂડસ્પોટ 9820042883 હિંદમાતા દાદર, સાન્તાક્રુઝ પ્રિયંક કુમાર સારીઝ 9820785289 નાલાસોપારા ઈસ્ટ કેવીઓ ગૃહ ઉદ્યોગ 9820852668, બોરીવલી વેસ્ટ જનતા સ્ટોર્સ 28076942.

2/1/1(2) --------- (B-0101)(4-5)

**મુંબઈ મહાબલેશ્વર મુંબઈ**

કોઈ પણ તારીખો માટે ૮ એપ્રીલ પહેલા બુક કરો અને ૫% ડિસ્કાઉન્ટ મેળવો. કુદરતનાં સૌંદર્યમાં વસેલું, સહ્યાદ્રીની રાણી મહાબલેશ્વર શહેર, શુધ્ધ હવામાન, ઠંડુ વાતાવરણ, હોટલ ધ ગ્રાન્ડ સારથી, મુંબઈથી આવવાનું જવાનું સેમી સ્લીપર એસી બસ, રહેવાનું, ખાવાનું, શેરીંગ ટેક્સીમાં સાઈડ સીન, સ્વીમીંગ પુલ, જૈન ફુડ, ચોવિહારની સગવડ. એક્સ્ટ્રા પૈસા ભરીને સુવિધા મળશે. સ્લીપર બસ, એસી રૂમ, બાથટબ રૂમ, હનીમુન રૂમ ડેકોરેશન, એક્સ્ટ્રા સાઈટસીઈંગ. બધા દર પ્ર. વ્યક્તિ છે. રહેવાની તારીખો ગણાય ૧ એપ્રીલથી ૨૦ એપ્રીલ + ૨૮ એપ્રીલ થી ૧ મે + ૪ જૂન થી ૧૦ જૂન. (સોમવાર-ગુરૂવાર) ૩ રાત રૂા. ૪૧૬૫, ૨ રાત રૂા. ૩૩૫૦ (શુક્રવાર, શનિવાર, રવિવાર) ૩ રાત રૂા. ૫૭૮૦, ૨ રાત રૂા. ૪૪૫૦. ૨૧ એપ્રીલથી ૨૭ એપ્રીલ + ૨ મે થી ૧૧ મે. ૩ રાત રૂા. ૪૬૫૦. ૨ રાત રૂા. ૩૬૮૫. ૧૨ મે થી ૩ જૂન, ૩ રાત રૂા. ૬૭૦૦, ૨ રાત રૂા. ૫૧૦૦, ૧૧ જુન થી ૩ રાત રૂા. ૩૯૯૫, ૨ રાત રૂા. ૩૨૫૦. હર્ષલ વીરા-દેશલપર (કંઠી) ૮૧૬૯૨૭૧૨૫૦.

4/1/1(4) --------- (B-0037)(4-5)

**લીકેજ બંધ રોયલ કે કંટરકસન**

બિલ્ડીંગ રીપેરીંગ કેંક ફીલીગ, પ્લાસ્ટરીંગ સંજીયા વોટર ટેંક, ટેરેસ વોટર પ્રુફીંગ વીથ બિલ્ડીંગ પેટીંગ વ્યાજબી ભાવે ૧૦૦% ગેરેંટી સાથે કરી આપવામાં આવે છે. ડો. ફીસીટીક, એશીયન પેટ, બરજટ ઓથોરાઈસ એપલીકેટર જુના અને જાણીતા. 9987414990, 9987414707. રમેશ માલશી સાવલા/ રમણભાઈ.

2/1/1(1) --------- (B-24550)(4-6)

**Ricksaw - Taxi - Private Car**

કા જમાના ગયા અબ "olla" - "ubber" - "Rappido" કા જમાના આ ગયા, only one call, તમારી સેવામાં હાજર, Parking કા ઝંઝટ નહીં. એવી રીતે અમને કોલ કરો અમે તમારી સેવામાં હાજર.

● ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item ની રોકડી કરો.

● તમારી જુની સાચી જરીની સાડી -ચણીયા-ચોળી

● સાચી જરીના ઘરચોળા-બોર્ડર

● સાચી જરીના સેલા-બ્લા.

● સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા ચોળી

● સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદિરના ચંદરવા-પોઠીયા

● સાચી છુટ્ટી ટીકી-સુરમો-કસબ તથા ઘુઘરી વજનથી

● બજાર કરતાં વધારે ભાવથી વેંચવાનો સંતોષ

● બીજે ક્યાંય જતા પહેલા અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત લો.

● Free Home Visit any where any Time

● રોકડા પૈસા -તરત જ ફાઈનલ - શ્રેષ્ઠ વળતર મહાવીર સારીઝ, મોદી ચાલ, દુકાન નં.૨, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (W) (Opp. "SEASONS" શો-રૂમ) રવિવારના બંધ. M.: 9137146272 - 9619554801.

2/1/1(6) --------- (B-0023)(4-7)

**મહારાષ્ટ્ર-ગુજરાત માટે પીકઅપ - ડ્રોપ**
**!! ગાલા ટૂર એન્ડ ટ્રાવેલ !!**

મારુતિ સુઝુકી Eeco-7 Seater દ્વારા વ્યાજબી દરે મુંબઈ દર્શન, મુંબઈથી લોનાવલા- દેવલાલી- શિર્ડી વિ. ઓલ ઓવર મહારાષ્ટ્ર તથા ગુજરાત તેમજ રીસોર્ટ-પિકનિક- લગ્ન વિ. કોઈપણ ફંકશનમાં Pickup-Drop સર્વિસ માટે સંપર્ક : પિયુષ ગાલા : 8793508983.

2/1/1(7) --------- (B-0054)(4-8)

**Lotus Kalakand- Rose Ball**
**અખરોટ કતલી - હલવો**

કેળાના પતલા ટેસ્ટી Silky વેફર, ગ્લુટેન ફ્રી ખાખરા- મેથી - મસાલા પુરી મળશે. વરાળથી રોસ્ટ કરેલી ભાખરવડી. ગીર ગાયનું હાથ વલોણા ઘી મળશે. સુગર ફ્રી ક્રેનબેરી-ઓરેન્જ ડ્રાયફ્રુટ. દરેક વસ્તુ order પછી બનાવવામાં આવે જેથી તાજો માલ મળી શકે. Sp. મહારાજ રાખીને નાસ્તો-મિઠાઈ બનાવવામાં આવે છે. Special : Lotus Kalakand અનિલભાઈ પુરીવાળા : 9820386895 / 7208627871.

2/1/1(5) --------- (B-0040)(4-9)

**ખીમસરીયા-ખીમસીયા-ખીમેસરા નુખના શ્રી વેરોટ માતાજીને નમતા સર્વે ભાવિકો જોગ**

